# સ્વામી વિવેકાનંદની પંચશીલ કેળવણી અને વિદ્યાર્થીજીવન

પ્રો. જિજ્ઞાસા કે. ચાવડા

જો તમારે સફળતા પ્રાપ્ત કરવી હોય તો તમારી પાસે પ્રચંડખંત અને દ્રઢ ઈચ્છાશક્તિ હોવા જોઈએ. ખંતીલો માણસ કહે છે કે, 'હું સાગરને પી જઈશ, મારી ઈચ્છા થતાંવેંત પર્વતો કડડભૂસ થઈની તૂટીને પડશે' આવા પ્રકારની ઈચ્છાશક્તિ દાખવો. સ્વામી વિવેકાનંદ કેળવણીની વ્યાખ્યા આપતા કહે છે કે, 'મનુષ્યમાં રહેલી પૂર્ણતાનું પ્રગટીકરણ એટલે કેળવણી.'

એટલે કે આપણી અંદર જ અનંત શક્તિઓ રહેલી છે. આપણે સર્વશક્તિમાન છીએ. માત્ર આપણે એ શક્તિઓને બહાર લાવવાની છે અને આ શક્તિને બહાર લાવવાનું કામ વિવેકાનંદની પંચશીલ કેળવણી કરે છે.

આપણે આત્મનિર્ભર થવાનું શિક્ષણ નહીં લઈએ તો આપણા સમગ્ર સંસારનું ધન ભારતના એક નાના ગામડાને આપી દઈએ તો પણ તે ઓછું પડશે. આપણું મુખ્ય અને અગત્યનું કાર્ય યોગ્ય અને ઉત્તમ શિક્ષણ મેળવી આપણો બૌદ્ધિક વિકાસ કરવાનો છે અને આપણી ચારિત્ર્યશક્તિને ખીલવવાની છે. આમ, આપણે આત્મનિર્ભર બનવા માટે જો વિવેકાનંદના પંચશીલને અનુસરીએતો આપણું વિદ્યાર્થીજીવન મહેકી ઊઠે.

(૧) આત્મશ્રદ્ધા

જૂનો ધર્મ એમ કહે છે કે જેને ઈશ્વરમાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે. પણ નવો ધર્મ એમ કહે છે કે જેને પોતાનામાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે જ્યારે તમે તમારી અંદર રહેલી પ્રચંડ શક્તિને બહાર લાવવા માટે પુરુષાર્થ ન કરો ત્યારે ને ત્યારે જ તમે નિષ્ફળ થાઓ છો. અન્યથા કયારેય નહિ આમ પણ કોઈપણ મનુષ્ય કે રાષ્ટ્ર જ્યારે આત્મશ્રદ્ધા ગુમાવે છે ત્યારે જ તેનો નાશ થાય છે. જ્યારે વ્યકિત પોતાનામાં રહેલી આત્મશ્રદ્ધા ગુમાવે છે ત્યારે તે 'નિર્બળ' છે. એવું કહેવામાં આવે છે.

સ્વામીજી ફરી – ફરી એવું સમજાવવા માગે છે કે તમે જેવા વિચાર કરશો એવા જ તમે બનશો. તમે તમારી જાતને નિર્બળ ધારશો તો તમે નિર્બળ બની જશો. તમે તમારી જાતને સમર્થ માનશો તો તમે સમર્થ બની જશો. આપણે મોટા ભાગે આપણા વિદ્યાર્થીકાળ દરમિયાન નકારાત્મક વિચારો તરફ વડી જતા હોઈએ છીએ. પણ આપણે કયારેય આવા ખોટા કે ખરાબ વિચારો તરફ વળવું જોઈએ નહિ. ઘણીવાર આપણને આપણામાં રહેલી અનંત શક્તિને જાણતા નથી અને બીજાના દોરવાયા દોરવાઈ જતા હોય છે. 'પણ યાદ રાખજો તમે ઈશ્વરના સંતાનો છો.'

આપણે હંમેશા આપણામાં શ્રદ્ધા રાખવાની છે. કારણ કે આપણે સર્વશક્તિમાન છીએ. આપણે બધું જ કરી શકવા સમર્થ છીએ. માટે નિષ્ફળતાની ચિંતા છોડી દો. કારણ કે જો જીવનમાં નિષ્ફળતા નહિ મળે તો આપણને સફળતાનું રહસ્ય કયારેય સમજાશે નહિં અને નિષ્ફળતા મળવાની ચિંતા છોડી સફળતાની દિશામાં સતત આગળ વધવા પ્રયત્ન કરતાં રહો. કારણકે નિષ્ફળતામાં જ સફળતા રહેલી છે. વિદ્યાર્થી કાળમાં થયેલી નાની-નાની ભૂલો પણ કયારેક આપણને જીવનમાં ઘણું બધું શીખવી જતી હોય છે. જો જીવનમાં ભૂલો કે સંઘર્ષો ન હોય તો આપણને જીવનનું સાચું સૌંદર્ય સમજાતું નથી.

આપણે હંમેશા એવું ઈચ્છતા હોઈએ છીએ કે 'મારા મિત્રો કે સગા સંબંધીઓ મને મદદ કરે છે' પરંતુ આવી કોઈપણ અપેક્ષા કોઈની પણ પાસે રાખો નહિ કારણકે સ્વામીજી કહે છે કે 'જો તમે તમારા જીવનનું સિંહાવલોકન કરશો તો તમને જણાશે કે તમે હંમેશાં બીજા લોકો પાસેથી સહાય મેળવવાનો વ્યર્થ પ્રયાસ કરી રહયા હતા. અને એવી સહાય તમને કદાપી મળી નહિ. તમને જે કાંઈ સહાય મળી એ બધી તમારી પોતાની જાતમાંથી જ તમારા આત્મામાંથી જ મળે છે. માટે વિદ્યાર્થી મિત્રો હંમેશાં તમે આત્મશ્રદ્ધા રાખી કાર્ય કરશો તો સફળતા તમારી, તમારીને તમારી જ હશે. શ્રદ્ધા, શ્રદ્ધા, શ્રદ્ધા પોતાનામાં જ શ્રદ્ધા, ઈશ્વરમાં શ્રદ્ધા મહત્તાનું આ જ રહસ્ય છે.

(૨) આત્મનિર્ભરતા

એક વાર સ્વામી વિવેકાનંદ સાથે એવું બને છે કે જ્યારે તે પરિવ્રાજક હતા ત્યારની બનેલી ઘટના છે. વારાણસીમાં એક દિવસ શ્રી મા દુર્ગાના મંદિરેથી સ્વામીજી પાછા ફરતા હતા ત્યારે તેમની પાછળ વાંદરાઓ દોડે છે. ત્યારે સ્વામીજી ભાગવા માંડયાં આ દૃશ્ય એક વૃદ્ધ સન્યાસીએ જોયું અને સાદ પાડયો- થોભી જા. રૂ વાંદરાઓની સામે ધીરજથી ઉભા રહે. સ્વામીજીએ હિમ્મત ભેગી કરીને પાછળ વળી ઉભા રહયા અને એ જ ઘડીએ પેલા વાંદરાઓ પણ થોભી ગયા.

આ નાનકડો એવો પ્રસંગ પણ આપણાં જીવનમાં ખૂબ જ મહત્વનો બોધપાઠ આપે છે કે આપણે પણ આપણા વિદ્યાર્થી કાળમાં આવતી મુશ્કેલીઓ અને અડચણોથી ભાગતા જ હોઇએ છીએ. પણ મિત્રો આપણે આવું ન કરતાં આ અડચણો અને મુશ્કેલીઓની સામે નિર્ભયતાથી બાથ ભીડવવાની છે. જેથી મુશ્કેલીઓ આપણાથી કરીને ભાગી જાય. દરેકનાં જીવનમાં મુશ્કેલીઓ તો આવવાની જ છે. કારણ કે મુશ્કેલીઓ અને અડચણો વિનાના જીવનની કલ્પના કરવી પણ અશક્ય છે. આ બધી જ પરિસ્થિતિઓની સામે નિર્ભયતા રાખવી એ જ જીવનની મોટામાં મોટી સફળતા છે. માટે વિદ્યાર્થી મિત્રો જીવનમાં હંમેશા નિર્ભય બનવા પ્રયત્ન કરજો. સ્વામીજી કહે છે કે, ‘અહો, નિર્ભય બનવું, સાહસિક બનવું તથા કશાની પણ પરવા ન રાખવી કેટલું સારું છે.’

(૩) આત્મત્યાગ

“મહાન કાર્યોતો મહાન બલિદાન થી જ પાર પડે છે.” સ્વામીજી કહેતા કે – કોઈપણ દેશની સંસ્કૃતિમાં તેમજ બધાં જ ધર્મના આધ્યાત્મિક વિચારોના મૂળમાં કેન્દ્રનો મુખ્ય સ્ત્રોત કોઈ હોય તો તે ત્યાગ છે. આપણે જેટલા પ્રમાણમાં ત્યાગ ઓછો કે અધૂરો તેટલાં જ પ્રમાણમાં આપણાં ધર્મમય જીવનમાં વિલાસિતા પ્રવેશે. અને તેથી જ આપણી આધ્યાત્મિકતા લુપ્ત થતી જાય છે.

શ્રી રામકૃષ્ણ દેવ ત્યાગનું મૂર્તિમંત સ્વરૂપ હતા. તેઓમાં કામના અને કાંચન સંપૂર્ણ ત્યાગનું મૂર્તિમંત સ્વરૂપ જોવા મળે છે. આ પરથી આપણે આપણા વિદ્યાર્થી કાળમાં એ શિખવાની જરૂર છે કે જ્યારે આપણી સામે કોઈ બે પરિસ્થિતિ આવે ત્યારે આપણે ચિંતામાં પડી જઇએ છીએ કે સામે આવેલ બે વસ્તુ કે પરિસ્થિતિમાંથી કોને સ્વીકારવો અને કોનો ત્યાગ કરવો. અંતે આપણે કોઈ એક જ વસ્તુ કે પરિસ્થિતિ નો સ્વીકાર કરીએ છીએ. આવા સમયે આપણે કોઈપણ જાતનો સંઘર્ષ અનુભવ્યા વિના આત્મા પાસે નિર્ણય માંગવો જોઇએ કે મારા માટે આ બે માંથી કઇ પરિસ્થિતિ સૌથી વધુ ઉત્તમ અને ઉપયોગી છે. વિદ્યાર્થી મિત્રો યાદ રાખજો જીવનમાં ભૌતિકતા નાશવંત છે માટે યોગ્ય નિર્ણય કરી સહર્ષ એક પરિસ્થિતિનો ત્યાગ કરો તમને જીવનમાં સફળતા ચોક્કસ અને ચોક્કસ મળશે જ.

(૪) આત્મસંયમ

એકવાર વિવેકાનંદનાં જીવનમાં એવી ઘટના બને છે કે જયારે તે અમેરિકા ગયા હતા ત્યારે તેમના વ્યકિતત્વથી પ્રભાવિત બનેલી એક સ્ત્રી વિવેકાનંદને એમ કહે છે કે મારે તમારી સાથે લગ્ન કરવા છે. ત્યારે વિવેકાનંદ એમ પૂછે છે તમે શા માટે મારી સાથે લગ્ન કરવા ઈચ્છો છો ? ત્યારે પેલી સ્ત્રી એવો ઉત્તર આપે છે કે હું તમારી સાથે લગ્ન કરી તમારા જેવા પુત્રને જન્મ આપવા માગું છું ત્યારે સ્વામીજીએ એવો ઉત્તર આપે છે કે કદાચ એવું પણ બને કે એ સંતાનમાં મારા જેવું રૂપ અને તમારા જેવા ગુણો ન આવે તો માટે મને જ તમારું સંતાન માનો.

મિત્રો, આપણી સાથે પણ આપણા વિદ્યાર્થીકાળ દરમિયાન ઘણી બધી એવી ઘટના ઘટતી હોય છે કે જે જીવનમાં આપણને સાવ નવો વળાંક આપી દે છે. અને કદાચ તેનાથી આપણું જીવન નષ્ટપ્રાય કે મૃતપ્રાય જેવું પણ બની જાય. તો વિદ્યાર્થી મિત્રો એકવાત જીવનમાં યાદ રાખજો કે આપણા વિદ્યાર્થી કાળની ઉંમર લપસણી જેવી હોય છે. માટે અયોગ્ય માર્ગે લપસી ન જવાય. તેનું ખાસ ધ્યાન રાખજો. કારણકે આમ કરવાથી ઘણાં બધાને નુકશાન થતું હોય છે. માટે જીવનમાં યોગ્ય નિર્ણયશક્તિ કેળવી જીવનને સંયમીત બનાવજો – જેથી જીવન ઉત્તમ બને.

(૫) આત્મસાક્ષાત્કાર

આગળ આપણે જોયું કે આત્મશ્રદ્ધા, આત્મનિર્ભયતા, આત્મત્યાગ અને આત્મસંયમના આધારે કેળવણીની સ્વામીજીએ આપેલી વ્યાખ્યા સિદ્ધ કરવાની છે કે આપણામાં અંત અને અખૂટ શક્તિઓ પડેલી જ છે. માત્ર આપણે આપણી સમજણશક્તિ દ્વારા તેને બહાર લાવી વિદ્યાર્થીજીવનને ખીલવવાનું છે. જ્યારે આ ચારેય ગુણોની સાધના કરીએ ત્યારે તેના ફળ સ્વરૂપે પાંચમી સિદ્ધિ આત્મ સાક્ષાત્કારની થાય છે જે આપણી દિવ્યતાનું અને પૂર્ણતાનું પ્રગટીકરણનું સુફળ છે.

(૬) ઉપસંહાર

આમ, અંતમાં એટલું જ કહેવું છે કે જો કેળવણીના પંચશીલ આપણાં વિદ્યાર્થી જીવનામં સ્વીકારી તેનું અનુકરણ કરવામાં આવે તો દુનિયાની એવી કોઈપણ તાકાત નથી કે જે આપણને આપણા સ્થાન પરથી વિચલિત કરી શકે કે નિષ્ફળ બનાવી શકે.

''શીખવા જેવો એક માત્ર ધર્મ છે, તે નિર્ભયતાનો ધર્મ છે.''